# પયગંબર એલિયા

## (ફાધર વર્ગીસ પોલ)

ઈસાયલી પ્રજાના લોકમાનસને જકડી રાખનાર એક પાત્ર છે પયગંબર એલિયા, બાઈબલમાં જૂના કરારના બધા નબીઓ, પુરોહિતો અને જ્ઞાની પુરુષો કરતાં પયગંબર એલિયા આગવું સ્થાન ધરાવે છે. નવા કરારમા પણ પયગંબર એલિયાના ઘણા ઉલ્લેખો મળે છે.

ઈ.સ. પૂર્વે નવમી સદીમાં થઈ ગયેલા પયગંબર એલિયાના પૂર્વજીવન વિશે આપણે કશુંય જાણતા નથી. બાઈબલમાં એને માટે 'ગિલ્યાદમાં આવેલા તિશ્બેના વતની' એટલું કહ્યું છે. પયગંબર એલિયા ઓચિંતા ઈસાયલના રાજા આહાબ આગળ પ્રગટ થઈને દુકાળ અંગેની આગાહી કરે છે.

"ઈસાયલના રાજા ઈશ્વર પ્રભુનો હું સેવક છું અને તેના જીવના સોગંદ ખાઈને કહું છું કે, હવેનાં વર્ષોમાં મારા કહ્યા સિવાય ઝાકળ કે વરસાદ પડવાનાં નથી."

પયગંબર એલિયા રાજા આહાબના અમલમાં વચ્ચે પ્રગટ થઈને ત્રણ વર્ષના લાંબા ગાળાના દુકાળ જેવી ભારે આપત્તિની આગાહી કહે છે. કાણ, ઓમરીના પુત્ર રાજા આહાબે પ્રભુની નજરમાં અયોગ્ય ગણાય એવું આચરણ કર્યું અને પોતાના બધા પૂર્વજો કરતાં પણ તે નાબેતર નીવડયો. આહાબના પિતા રાજા ઓમરીએ પ્રભુની આજ્ઞા અવગણીને બાલદેવની પૂજા કરતા ફિનિકિયાના રાજા જોડે સંબંધ બાંધ્યો હતો અને નકામાં દેવલાની પૂજા કરીને ઈસાયલના ઈશ્વર પ્રભુનો દોષ વહોરી લીધો હતો.

હવે રાજા આહાબે એથી પણ આગળ વધીને સિદોનના રાજા અથબાલની કુંવરી ઈઝબેલ સાથે લગ્ન કર્યું અને બાલદેવની પૂજા કરવા માંડી. વળી ઈઝબેલ રાણી તો પોતાની સાથે બાલના ચારસો પચાસ અને અશેરદેવના ચારસો પચાસ નબીઓની સંભાળ રાખતી હતી તો બીજી બાજુ ઈઝબેલ ઈસાયલની ઈશ્વર પ્રભુના નબીઓને રહેંસી નાખતી હતી.

રાજા આહાબ સામે દુકાળની આગાહી કરવા બદલ પયગંબર એલિયાનો પીછો પકડવામાં આવે છે ત્યારે એલિયાઓ પ્રભુ પ્રેરણાથી ઈસાયલ છોડીને ફિનિકિયાના સરહદ પર વેલા સારફતના ગામ સિદોનમાં જઈને રહે છે. સિદોન ગામની ભાગોળે એલિયા એક વિધવાને લાકડાં વીણતી જુએ છે.

"જરા મને કૂંજામાં થોડું પાણી પીવા આપોને. સાથે થોજો રોટલો પણ લાવજો." પયગંબરે એ વિધવાને કહ્યું.

“તમારા ઈશ્વર પ્રભુના સમ, માટલીમાં મૂઠી લોટ અને બરણીમાં થોડું તેલ છે – એ સિવાય મારી પાસે કશું ખાવાનું છે નહિ. આ હું બેચાર લાકડાં ભેગાં કરું છું. જેથી જઈને મરતા પહેલાં મારે માટે ને મારા દીકરા માટે કંઈ રાંધી શકું” વિધવા બોલી.

“ગભરાઈ નહિ. જા, ને એ પ્રમાણે કર. પણ પહેલાં તારી પાસે જે કંઈ છે તેમાંથી મારે માટે એક ચાનકી બનાવી લાવ અને ત્યાર પછી તારા દીકરા માટે અને તારે માટે બનાવજે, કારણ, ઈસાયલના ઈશ્વર પ્રભુનું વચન છે કે, પ્રભુ ભૂમિ ઉપર વરસાદ ન મોકલે ત્યાં સુધી માટલીમાંનો લોટ કદી ખૂટશે નહિ અને બરણીમાનું તેલ ખલાસ થશે નહિ.” પયગંબર એલિયાએ વિધવાને હિંમત આપતાં કહ્યું.

વિધવાએ એલિ.યાના કહ્યા પ્રમાણે કર્યું. લોટની માટલી અને તેલની બરણીમાંથી લાંબા સમય સુધી એલિયાને. તે બાઈને અને તેના દીકરાને ખાવાનું મળતું રહ્યું. એલિયા મારફતે પ્રભુએ ભવિષ્ય ભાખ્યું હતું તે પ્રમાણે માટલીમાંથી લોટ ખૂટયો નહિ કે બરણીમાંથી તેલ ખલાસ થયું નહિ.

પયગંબર એલિયા વિધવાના ઘરના માળા ઉપરની ઓરડીમાં રહેતો હતો. તે દરમ્યાન તે બાઈનો દીકરો માંદો પડયો અને ભારે માંદગીથી તેનો શ્વાસ થંભી ગયો. વિધવા બાઈએ પયગંબરે ફરિયાદ કરી.

“ઓ મારા ઈશ્વર પ્રભુ. હું જેને ત્યાં ઊતર્યો છું તે વિધવા પ્રત્યે પણ તું આવો નિર્દય બને છે? એના દીકરાને તું હરી લે છે? ઓ મારા ઈશ્વર પ્રભુ, દયા કરીને આ છોકરાના દેહમાં ફરી પ્રાણનો સંચાર થવા દે.” એલિયાએ છોકરા પર ઝૂકીને પ્રાર્થના કરી, પ્રભુએ પયગંબર એલિયાનો પોકાર સાંભળ્યો. પેલા છોકરાના દેહમાં પ્રાણનો ફરી સંચાર થતાં તે પાછો બેઠો થયો. એલિયાએ તેને ઉપાડી લઇને તેની માને આપ્યો.

દુકાળના ત્રીજા વર્ષે પ્રભુના આદેશથી પોતાનો જીવ લેવા માટે શોધાશોધ કરીને તડપી રહેલા રાજા આહાબ સમક્ષ પયંગબર એલિયા હાજર થયો.

“ઈસાયલના રંજાડનાર તું જ ને?” એલિયાને જોતાંવેંત આહાબ બોલી ઊઠયો.

“ઈસાયલને રંજાડનાર હું નથી. તું અને તારું કુટુંબ છેઃ કારણ, તમે પ્રભુની આજ્ઞાઓનો ત્યાગ કરી બાલની પૂજા કરો છો.” પછી પયગંબર એલિયએ રાજા આહાબને આપેલા આદેશ મુજબ રાજા આહાબે કામેર્લ પર્વત ઉપર બાલના ચારસો પચાસ નબીઓ અને બધા ઈસાયલીઓને બધા ઈસાયલીઓને ભેગા કર્યા.

"તમે કયાં સુધી દૂધમાં અને દહીમાં પગ રાખ્યા કરશો? જો પ્રભુ ઈશ્વર હોય તો તેની પૂજા કરો, જો બાલ ઈશ્વર હોય તો તેની પૂજા કરો." એલિયાએ બધા ઈસાલયલોને પકડકારતાં કહ્યું. પણ કોઈ એક અક્ષરે બોલ્યું નહિ એટલે એલિયાએ ફરી તેમને કહ્યું.

"પ્રભુના નબીઓમાંથી એક જ હું જ એકલો રહ્યો છું, જ્યારે બાલના તો ચારસો અને પચાસ છે. બે વાછરડા લઈ આવો. તેઓ એક વાછરડો પસંદ કરે અને તને વધેરીને લાકડાં ઉપર મૂકે, પણ અગ્નિ ને પેટાવે. બીજા વાછરડાને હું યજ્ઞ માટે તૈયાર કરીને લાકડાં ઉપર મૂકું, પણ અગ્નિ નહિ પેટાવું. તમારે તમારા દેવનું આવાહન કરવું અને હું પ્રભુને આવાહન કરું. જે દેવ અગ્નિ પેટાવીને જવાબ આપે તે સાચો ઈશ્વર."

"કબૂલ" બધા લોકો બોલી ઊઠયા.

પછી એલિયાએ બાલના નબીઓને સૌ પ્રથમ વાછરડાને ધરાવી તેમના દેવનું આવાહ્ન કરવાની તક આપી. એલિયાના નિદેર્શ મુજબ બાલના નબીઓએ વાછરડાને ધરાવીને સવારથી બોપર સુધી બાલનું નામ લીધા કર્યું. તેઓ પોતે રચેલી વેદીની આસપાસ ઝનૂનમાં આવીને નાચવા અને બૂમ પાડવા લાગ્યાઃ "ઓ બોલ, અમને જવાબ આપ." બાલના નબીઓ સંધ્યા બલિના સમય સુધી ધૂણતા હોય, પણ ન કંઈ અવાજ સંભળાયો, ન કંઈ જવાબ મળ્યો.

ત્યાર પછી એલિયાએ ઈસાયલોના બાર વંશોની સંખ્યા અનુસાર બાર પથ્થર લઈને પ્રભુને નામે વેદી બાંધી. પછી તેણે વેદી પર લાકડાં ગોઠવ્યાં, વાછરડો વધેર્યો અને તેને લાકડાં ઉપર ગોઠીને લોકો પાસે આહુતી અને લાકડાં ઉપર ચાર ઘડા પાણી ત્રણ ત્રણ વાર રેડાવ્યું. પછી સંધ્યા બલિના સમયે એલિયાએ પ્રાર્થના કરી. "અબાહામ, ઈસહાક અને ઈસાલયના ઈશ્વર પ્રભુ, આજે આ લોકોને ખબર પડવા દે કે, ઈસાયલમાં તું ઈશ્વર છે અને હું તારો સેવક છું અને આ બધું મેં તારી આજ્ઞાથી કર્યું છે."

તરત જ પ્રભુને અગ્નિ અવતર્યો અને તે આહુતિને, લાકડાંને પથ્થને અને માટીને સુધ્ધાં ભરખી ગયો. આ જોઈને બધા લાકો બોલી ઊઠયાઃ "પ્રભુ જ પરમેશ્વર છે, પ્રભુ જ પરમેશ્વર છે." ટુંક સમયમાં આકાશ વાદળથી કાળું થઈ ગયું. પવન જોરથી ફૂંકાવા લાગ્યો અને ધોધમાર વરસાદ તૂટી પડયો.

આમ, સદીઓથી ચાલી આવતી ઈસાયલી પ્રજાનો એકેશ્વરવાદ અને બીજી પ્રજાઓના વિવિધ દેવોની પૂજા વચ્ચેની ચડસાચડસી કામેર્લ પર્વત ઉપર આમને સામને આવી જાય છે અને ખૂબ નાટકીય રીતે પયગંબર એલિયા ઈસાયલીઓના એકેશ્વરવાદને પ્રસ્થાપિત કરીને બધા લોકો પાસે એકરાર કરાવે છે કે ઈસાયલીઓનો પ્રભુ જ પરમેશ્વર છે.

પણ એલિયાનો આ વિજય ફરી એક વાર એના જીવનને ખતરામાં નખાવે છે. આહાબ પાસેથી પોતાના બધા નબીઓને વાઢી નાખવામાં આવ્યના સમાચાર સાંભળીને રાણી ઈઝબેલે પયગંબર એલિયાને મારી નાખીને બદલો લેવાનો નિર્ણય કર્યો. આ વાત સાંભળતાં એલિયા ડરી ગયો અને જીવન લઈને નાઠો. તે રણમાં ચાલ્યો ગયો. ત્યાં તે એક છોડ નીચે બેસીને ખૂબ હતાશાથી મૃત્યુ માગવા લાગ્યો.

“હવે બહું થયું, ઓ પ્રભુઃ તું મારા પ્રાણ હરી લે, કારણ, હું યે મારા વડવાના જેવો માટીનો માનવી છું.” તેણે પેલા છોડવા નીચે સૂઈ જઈને મૃત્યુની રાહ જોવ માંડી. તે ઊઠયો ત્યારે ચમત્કારિક રીતે તેને ખાવા માટે રોટલો અને પાણી મળ્યાં. પ્રભુના આદેશ મુજબ એલિયાએ ધરાઈને ખાદ્યા પછી ચાલીસ દિવસ અને ચાલીસ રાતનો પંથ કાપીને તે ઈશ્વરના પર્વત હોરેબ સુધી પહોંચી ગયો.

પર્વત હરોબ પ્રચંડ પવન વાવા લાગ્યો. પવન પછી ધરતીકંપ થયો. ધરતીકંપ પછી અગ્નિ ફાટી નીકળ્યો. પણ પ્રભુ પવન કે ધતીકંપ કે અગ્નિમાં ન હતો. અગ્નિ પછી એક ધીમો અવાજ થયો. ત્યાં એલિયાને પ્રભુનો સંદેશ મળ્યો. પ્રભુના આદેશ મુજબ એલિયા દમસ્કના રણમાં પાછો ગયો.

પોતાના રસ્તે જતાં એલિયાએ શાફાટના દીકરા એલિશાને ખેડ કરતો જોયો. એલિયાએ ત્યાંથી પસાર થતાં પોતાનો ઝભ્ભો તેની ઉપર નાખ્યો એલિશાએ એલિયાની પાછળ જઈને તેનું શિષ્યત્વ સ્વીકાર્યું એલિશા એલિયાના જીવનમાં અંત સુધી એક વફાદાર શિષ્ય તરીકે એલિયાની સાથે રહ્યો.

એ દરમ્યાન રાજા આહાબ પોતાના મહેલની પાસે આવેલા નાબોથના દ્રાક્ષના બગીચા પર મોહી પડયો. પણ નાબોથ પોતાના બાપદાદા વારસાગતમાં મળેલો બગીચો રાજાને આપવા તૈયાર ન હતો. આ વાતથી રાજા આહાબ ખૂબ નિરાશ થયો. પણ આ આખી વાત જાણી રાણી ઈઝબેલે કપટીભરી યોજના કરીને નાબોથને ઈંટાળ કરીને મારી નંખાવડાવ્યો. નાબોથના મૃત્યુ બાદ આહાબ એના દ્રાક્ષના બગીચાનો કબજો લેવા ગયો. બગીચામાં એને પયગંબર એલિયા સામે મળ્યો.

“ઓ મારા દુશ્મન, તે મને પકડી પાજયો ખરો!” આહાબે એલિયાને કહ્યું.

પયગંબર એલિયાએ રાજા આહાબ અને તેમના સમગ્ર કુટુંબના સર્વનાશથી આગાહી કરી. કુલ બાવીસ વર્ષ રાજય કર્યા પછી એક યુદ્ધમાં આહાબનું મૃત્યુ થયું. એના પછી ગાદીએ આવેલો એનો દીકરો અહઝિયા પણ ટૂંક સમયમાં મૃત્યુ પામ્યો.

એલિયાને પોતાના જીવનના અંતનો અણસાર થયો અને પોતાના છાંયડાની માફક પોતાને બધેય અનુસરતા પોતાના શિષ્ય એલિશાને એક  વાર એલિસાએ કહ્યું. “એલિશા, તું અહીં રહી જા, પ્રભુ મને યર્દન મોકલે છે.” એલિશાએ માન્યું નહિ, પણ પોતાના ગુરુ સાથે ચાલતો

રહ્યો. એવામાં એકાએક તેમની બે જણની વચ્ચે અગ્નિમય રથે અને અગ્નિમય રથે અને અગ્નિમય ઘોડાઓએ દેખા દીધી અને એલિયા વંટોળિયો ભેગો આકાશમાં ચાલ્યો ગયો.

આમ, યહૂદી પરંપરા પ્રમાણે એલિયા મરી ગયો નથી. સમયના વહેણાં એલિયા યહૂદી પ્રજાની ઘણી દંતકથાઓના મુખ્ય પાત્ર બન્યા અને યહૂદી પ્રજા આજે પણ એમના પ્રત્યે ખૂબ માન અને આદર ધરાવે છે.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-03-2007)

(ફરી બદલવાની તારીખઃ 01-04-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007